# ગાંધીનગર જીલ્લો




- ❖ ક્ષેત્રફળ:- ૨,૧૬૩ ચો. કિમી.
- ❖ ગાંધીનગર જીલ્લાની આજુબાજુ મહેસાણા .અમદાવાદ, ખેડા, અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લાઓ આવેલા છે.
- ❖ સ્થાપના :-૧૯૬૪
- ❖ વિધાનસભાની કુલ સીટો :-૫ { દહેગામ, ગાંધીનગર દક્ષિણ,ગાંધીનગર ઉત્તર,માણસા અને કલોલ }
- ❖ વસ્તી :- ૧૩,૮૭,૪૭૮ (૨૦૧૧ મુજબ)
- ❖ સાક્ષરતા :- ૮૫.૭૮%
- ❖ વસ્તી ગીચતા :-૬૪૧ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- ❖ જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરુષોએ) :- ૯૨૦
- ❖ મુખ્ય મથક :- ગાંધીનગર
- ❖ તાલુકાઓ :- (4) (1) ગાંધીનગર (2) દહેગામ (3) કલોલ (4) માણસા
- ❖ તાલુકાપંચાયતનીસીટોઅનેબેઠકો:-૪ (બેઠકો:- ૧૧૬)(ભાજપ૫-૦, કોંગ્રેસ-૩) (ગાંધીનગર- ૩૬(ચૂંટણી યોજાઈ નથી) , દહેગામ-૨૮, કલોલ- ૨૮, અનેમાણસા-૨૪)
- ❖ જિલ્લા પંચાયત સીટ :- ૩૦ (કોંગ્રેસ-૨૫, ભાજપ૫-૫)

- ❖ જિલ્લા પંચાયત પ્રમુખ :-
- ❖ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ :-
- ❖ નગરપાલિકાઓ :- ૪ (બેઠકો- (ગાંધીનગર- ૧૦ , દહેગામ-૭, કલોલ- ૭, અને માણસા-૬ ) ( ગાંધીનગર-૦(કોંગ્રેસ-૦, ભાજપ-૦), કલોલ-૧૧વોર્ડ(૪૪) (કોંગ્રેસ-૨૦, ભાજપ-૨૪) ,અને દહેગામ-૭ વોર્ડ (૨૮) (કોંગ્રેસ-૦૯, ભાજપ-૨૦)
- ❖ ગામડાઓ :- ૨૮૧ (ગાંધીનગર-૭૩, દહેગામ-૯૧, કલોલ-૬૯ અને માણસા-૪૮)
- ❖ આરટીઓ નંબર :- GJ-18
- ❖ નદીઓ :- સાબરમતી, ખારી, મેશ્વો, વાત્રક
- ❖ અભ્યારણ્ય :- થોળ પક્ષી અભ્યારણ્ય
- ❖ વાવ :- અડાલજની વાવ (રાણી રૂડાબાઈએ બંધાવેલ)
- ❖ મુખ્ય પાકો :- જુવાર, ડાંગર, બાજરી, ઘઉં, મગ, એરંડા, વરીયાળી, બટાકા
- ❖ ઉદ્યોગો:-ડેરી ઉદ્યોગ, રાસાયણિક ખાતર, ઈલેક્ટ્રોનિક્સ, ખેતીના ઓજારો, પાક સંરક્ષણ દવાઓ, ઇફકો (કલોલ)
- ❖ શૈ.સંસ્થાઓ :-
    - પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી,ગાંધીનગર
    - નિરમા ઇન્સ્ટીટયુટ, ગાંધીનગર
    - કડી સર્વ વિશ્વ વિદ્યાલય , ગાંધીનગર
    - ધીરૂભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી **(DAIICT)** ગાંધીનગર
    - વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ,ગાંધીનગર
    - જીએમઈઆરએસ મેડીકલ કોલેજ,ગાંધીનગર
    - ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી,ગાંધીનગર
    - ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી,ગાંધીનગર ((સ્થાપના-૨૦૦૯)
    - કામધેનું યુનિવર્સિટી,ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
    - ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
    - નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી,ગાંધીનગર(સ્થાપના-૧૯૮૬)
    - પ્લાઝમા રિસર્ચ ઇન્સ્ટીટયુટ સંસ્થા ભાટ, ગાંધીનગર
    - ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર (સ્થાપના-૨૦૦૯)
    - ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર (૨૦૦૯)
    - સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર (૨૦૦૯)
    - ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન **(GEER)**, ગાંધીનગર
    - એન્ટરપ્રિનીયોશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયા **(EDI)** ભાટ,ગાંધીનગર

gnanbhandar.com

❖

જોવાલાયક સ્થળો:-

અક્ષરધામ, ઇન્દ્રોડા પાર્ક, અડાલજની વાવ, થોળ પક્ષી, અભ્યારણ, બરફનું શિવલિંગ-અમરનાથ, ઘંટાકર્ણ મહાવીર (મહુડી), સરિતા ઉદ્યાન , હરણ ઉદ્યાન (ગાંધીનગર),

<u>વિશેષ નોંધ :</u>

- ગાંધીનગરનું આયોજન કરનાર શિલ્પી લીકા બુર્શીયર હતા. ગાંધીનગર સાબરમતીને કિનારે વસેલું છે.
- ગુજરાતનું પાટનગર ગાંધીનગર સુઆયોજિત શહેર છે.
- આ શહેર 30 સેક્ટરોમાં વહેચાયેલું છે.
- સરિતા ઉદ્યાન વગેરે અનેક બગીચાઓ જોવાલાયક છે.
- સેક્ટર 20 માં આવેલું 'અક્ષરધામ' વિશ્વભરમાં પ્રખ્યાત છે.
- અનેક વિશાળ સરકારી ઓફિસો આવેલી છે.
- ગાંધીનગરથી થોડે દુર અડાલજની વાવ, ફનવર્લ્ડ, ઇન્દ્રોડા પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર અને ડાયનાસોર પાર્ક,વિધાનસભા ગૃહ,ધોળેશ્વર મહાદેવ જોવાલાયકસ્થળો છે.
- ડભોડા હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલું છે.
- ગાંધીનગર જિલ્લાના મહુડી જૈન મંદિર ઘંટાકર્ણ મંદિર આવેલું છે જેની સુખડીની પ્રસાદી પ્રખ્યાત છે. આ મંદિરની આચાર્ય બુદ્ધિસાગરજીએ સ્થાપના કરી હતી.
- અડાલજમાં અડાલજની વાવ રાણી રૂડાબાઈએ પોતાના પતિ રાજા વીરસિંહની યાદમાં ૧૪૧૯માં બંધાવેલી છે. તે પાંચ માળની અને તેની લંબાઈ ૮૪ મીટર છે.
- ૧૨૧૦ વર્ષ પુરાણું અંબાજીમાતાનું મંદિર અંબોડમાં આવેલું છે. આ ઉપરાંત તે મીની પાવાગઢ તરીકે પણ ઓળખાય છે.
- જૈન આરાધના કેન્દ્ર કોબામાં આવેલ છે.
- ગાંધીનગરમાં ગીફ્ટ સિટી( ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક- સીટી ) આવેલી છે.
- ગાંધીનગર જીલ્લાના રૂપાલમાં આસો સુદ નોમના દિવસે વરદાયિની માતાજીના મંદિરે શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.
- વાસન ગામમાં વૈજનાથ મહાદેવ ૧૧૭ વર્ષ જૂનું મંદિર આવેલું છે.
- ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર દેવકરમુવાડા ગામે આવેલું છે.
- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી(NIFD) સંસ્થા ગાંધીનગરમાં આવેલી છે.
- અડાલજમાં દાદાન ભગવાન ફાઉન્ડેશન પ્રેરિત ત્રિમંદિર આવેલું છે.
- ગાંધીનગર શહેર નજીક સાબરમતીને કિનારે ધોળેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે.
- ખોરજ ગામમાં ખોડિયાર માતાનું મંદિર આવેલું છે.



gknbhandar.com

- કલોલમાં ઇફ્કોનું ખાતરનું કારખાનું , સુતરાઉ કાપડની મિલ અને ખનીજતેલના કૂવા આવેલા છે.

gnanbhandar.com